# ECHO OF HIS CALL

## સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVI | YEAR OF OUR LORD JESUS CHRIST, 2025 JANUARY | NO: 11


### પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો

ગીતશાસ્ત્ર ૧૦૧: ૧ થી ૮

૧. કૃપા તથા ન્યાય વિષે હું ગાયન કરીશ; હે યહોવા, હું તારી જ સ્તુતિ કરીશ.

૨. હું સીધા માર્ગનું ધ્યાન કરીશ; તું મારી પાસે ક્યારે આવશે? હું ખરા અંતઃકરણથી મારા ઘરમાં વર્તીશ.

૩. હું કંઈ અધમ વસ્તુ મારી દૃષ્ટિમાં રાખીશ નહિ; પાછા હઠનારાના કામથી હું કંટાળું છું; (તેમની કંઈ અસર) મને થશે નહિ.

૪. આડું હૃદય મારાથી વેગળું થશે; હું કોઈ દુષ્ટની ઓળખાણ રાખીશ નહિ.

૫. જે કોઈ પોતાના પડોશીની છાની ચાડી કરે છે તેને હું કાપી નાખીશ; જેની દૃષ્ટિ મગરૂર અને જેનું હૃદય ગર્વિષ્ઠ છે તેનું હું સહન કરીશ નહિ.

૬. દેશમાંના વિશ્વાસુઓ મારી પાસે વાસો કરે તે માટે હું તેઓ પર (રહેમ) નજર રાખીશ; સીધા માર્ગમાં ચાલનાર મારી સેવા કરશે.

૭ કપટ કરનાર મારા ઘરમાં રહી શકશે નહિ; જૂઠું બોલનાર મારી દૃષ્ટિ આગળ ટકશે નહિ.

૮. સઘળા ભૂંડું કરનારાઓને યહોવાના નગરમાંથી કાપી નાખવાને હું દેશમાંના સર્વ દુષ્ટોનો દરરોજ નાશ કરીશ.

# પ્રભુ ઈસુ ખ્રિસ્ત

## તમને તેમના વચનોની આપેલી ખાતરીને યાદ રાખશે !

THE LORD JESUS CHRIST WILL REMEMBER HIS PROMISES TO YOU!

*માનદ મુખ્ય સંપાદક રેવ. એન્જેલાઈન સેલ્વાકુમારી*



ઈકો ઓફ હીજ કોલના મારા સઘળાં વિસ્તૃત પરિવારોને નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ!

હું પ્રાર્થના કરું છું કે આ વર્ષ એવું હોય જેમાં ઈશ્વર તમને, તમારા પરિવારને અને તમે તેમના માટે કરેલા સારા કામને યાદ કરે.

બાઈબલ આપણને ખાતરી આપે છે કે આપણા ઈશ્વર વચન પાળનાર છે. તેમણે જાહેર કર્યું છે, **''જો હું તારી સાથે છું, ને જ્યાં તું જશે ત્યાં સર્વ ઠેકાણે હું તને સંભાળીશ..કેમ કે જે જે મેં તને કહ્યું છે, તે પુરું કર્યા વગર હું તને નહિ મૂકીશ.''** (ઉત્પત્તિ ૨૮:૧૫). જ્યારે ઈશ્વર કોઈ વચન આપે છે, ત્યારે તેઓ તેને પૂર્ણ કરવા માટે વિશ્વાસુ છે - તેમના સંપૂર્ણ સમયમાં. તેમનો સમય એક દિવસ, એક અઠવાડિયું, એક મહિનો, એક વર્ષ અથવા તો પેઢીઓ સુધી પણ જાહેર થઈ શકે છે. તેમ છતાં, તેમનું વચન ચોક્કસ પૂર્ણ થશે.

હું પ્રાર્થના કરું છું કે ૨૦૨૫ તમારું કૈરોસ વર્ષ હશે - તમારા જીવનમાં પ્રગટ થવાના તેમના વચનો માટે ઈશ્વરનો નિયુક્ત સમય.

ભયાવહ સમયો કાલાવાલા ભરી પ્રાર્થનાઓ માટે તેડું આપે છે :

(અનુસંધાન પાન ૩ પર)




ઈકો ઓફ હીજ કોલ

ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ - સવારે ૨.૦૦ વાગે થી

તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે

* Please Subscribe and Share *

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)


REACHING NATIONS



## from your dearly beloved brother...



## આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.


HON. EDITOR-IN-CHIEF

Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

HON. MANAGING EDITOR

Pastor Alex Samson Sam, B.Th., M.Div.

GENERAL MANAGER

Bro. N. Prakasam, M.A., M.Sc(C&P), PGDHRM, MBA.

ADMINISTRATION

Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

EDITORIAL BOARD

Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.



EDITOR, PUBLISHER & PRINTER

Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858

E.MAIL

sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

WEBSITES

www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

YOUTUBE CHANNEL

Echo of His Call


**"... તારી વખારો ભરપૂર થશે, અને તારા દ્રાક્ષાકુંડો નવા દ્રાક્ષારસથી ઊભરાઈ જશે."** – નીતિવચનો ૩:૧૦.

પ્રભુમાં વહાલા ઈશ્વરના બાળકો!

તમને અમારી પ્રેમી શુભેચ્છાઓ. અમે તમારા રોજિંદા રક્ષણ અને તમારા જીવનોના કલ્યાણ માટે પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું છે. છેલ્લા વર્ષ દરમિયાન અમારા માટે તમે કરેલી ઉત્સાહી પ્રાર્થના અને આનંદિત સમર્થન બદલ તમારો આભાર. અમને ભરોસો છે કે તમે બધા સારા છો.

છેલ્લા વર્ષમાં અમારો સેવાકાર્યનો માર્ગ ઈશ્વરની ભલાઈથી ભરપૂર હતો. જો કે પ્રભુએ યર્દન નદી જેવી કસોટીઓ અને લાલ સમુદ્ર જેવી વેદનાઓને દૂર કરવામાં અમને મદદ કરી હતી, જે અન્યથા માનવીય શક્તિ દ્વારા દૂર થઈ શકી ન હોત.

આવું જ તમારા જીવનમાં પણ હોઈ શકે છે! બીશો મા. ઈશ્વર તમારા માટે લડી રહ્યા છે, તમારી પડખે ઉભા છે અને આમ કરતા રહેશે. કેમ કે યહોવા એમ કહે છે કે, **'તમે પવન જોશો નહિ, તેમ તમે વરસાદ પણ જોશો નહિ, તોપણ એ ખીણ પાણીથી ભરાશે; અને તમે, એટલે તમે તેમ જ તમારાં ઢોર તથા તમારાં જાનવર પણ પીશે.'** ૨ રાજાઓ ૩:૧૭.

**તે માટે પ્રભુ યહોવા કહે છે કે, "જુઓ, સિયોનમાં હું પાયાનો પથ્થર મૂકું છું, તે કસી જોયેલો પથ્થર, દ્રઢ પાયાનો ખૂણાનો મૂલ્યવાન પથ્થર છે; જે વિશ્વાસ રાખે છે તે ઉતાવળો થશે નહિ."** યશાયા ૨૮:૧૬. ચિંતાતુર, બેચેન ન બનો. ઈશ્વર તમારા માટે પણ ચમત્કાર કરશે. પર્વતો જતા રહેશે અને ડુંગરો દૂર થઈ શકે છે અને મધ્ય સમુદ્રમાં ડુબાડી દેવામાં આવશે, પણ તેમની કૃપા તમારાથી દૂર થશે નહિ. **"પર્વતો ખસી જાય, ને ડુંગરો ચળે; પણ મારી કૃપા તારા પરથી ટળશે નહિ, અને મારો શાંતિનો કરાર ચળી જશે નહિ" તારા પર કૃપા રાખનાર યહોવા એવું કહે છે."** યશાયા ૫૪:૧૦. જે ઈશ્વર તમને પડી જવાથી બચાવી શકે છે તેઓ તમારી સાથે છે; હિમ્મતવાન બનો. તમારા માટેની દરેક સારી બાબતો આ વર્ષના અંત પહેલા તમારા સુધી ચોક્કસ પહોંચી જશે.

આપણો સેવાકાર્યનો માર્ગ કઠિન છે; આપણે દુશ્મનો સામે લડતા રહીએ છીએ ત્યારે આપણી શક્તિ ઓછી થતી જાય છે. પણ ઈશ્વર આપણને ઉપર ઉઠાવે છે. **"કેમ કે નેક માણસ સાતવાર પડી પડીને પણ પાછો ઊઠે છે; પણ દુષ્ટો વિપત્તિથી પાયમાલ થઈ જાય છે."** નીતિવચનો ૨૪:૧૬. તેથી આપણે નિરાશ થયા નથી. ઈશ્વરનું સામર્થ્ય આપણને નિભાવી રાખે છે. અમે અમારી **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજ માટે તમારી ઉત્સાહી પ્રાર્થના અને આનંદિત અર્પણોને માટે વિનંતી કરીએ છીએ અને આ રીતે અમારી મિનિસ્ટ્રીજ માટે ઉદ્યમશીલ બનો. અને ઈશ્વરના અન્ય સેવકોને પણ ટેકો આપવાનું ભૂલશો નહિ. યહોવા પ્રભુ તમને અનેકગણા આશીર્વાદથી ભરપૂર કરો. આમીન!

ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો,


**પાળક એસ. સામ સેલ્વરાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858, E.mail : sam@echoofhiscall.org



Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ✿ BIBLECOR - Postal Courses (3 languages) ✿ Media Ministry ✿ Online Courses ✿ Theological Correspondence Courses (2 languages) ✿ Church Planting ✿ Nehemiah Bible Colleges ✿ Gospel Printing Press ✿ Great Commission Partners ✿ St. Paul's Matriculation School ✿ Crusades ✿ Community Development

## કૃપા કરીને ધ્યાન આપો....

અમારા પાંચ મિનિટના **ઈકો ઓફ હીજ કોલ** યૂટ્યૂબ સંદેશાઓ સવારે ૨.૦૦ વાગેથી તામિલ, તેલગુ, અંગ્રેજી અને હિન્દીમાં (દરરોજ) પ્રસારીત કરવામાં આવે છે. તમે આ સંદેશાઓ સાંભળીને ઈશ્વરની કૃપા મેળવી શકો છો.

વધુમાં તમે મારા મોબાઈલ નંબરો (+૯૧)૯૮૪૧૦૭૧૮૫૮, +૯૧(૯૮૪૧૨૭૧૮૫૮) તમારા મોબાઈલમાં સેવ કરી રાખશો.

**પાળક એસ. સામ સેલ્વરાજ**

(પાન ૧થી આગળ...)

જ્યારે ઈશ્વર તમને વચન આપે છે, ત્યારે પ્રાર્થનામાં દ્રઢ રહો, જ્યાં સુધી તે ફળવંત ન થાય ત્યાં સુધી વિશ્વાસ સાથે તેનો દાવો કરો. ઘણી વાર, ભયાવહ સંજોગોમાં ઉત્સાહી અને નિષ્ઠાવાન પ્રાર્થનાઓની જરૂર પડે છે. સમગ્ર બાઈબલમાં, આપણને એવા વ્યક્તિઓના અસંખ્ય ઉદાહરણો જોવા મળે છે જેઓ, તેમની સૌથી મુશ્કેલ ક્ષણોમાં, હતાશામાં ઈશ્વર તરફ વળ્યા હોય અને ઈશ્વરે તેમને યાદ કરીને જવાબ આપ્યો હોય.

જ્યારે હું કહું છું કે ''ઈશ્વરે યાદ કરે છે,'' તેનો અર્થ એ નથી કે તેઓ ક્યારેક ભૂલી જાય છે. તેને બદલે, તે દર્શાવે છે કે જ્યારે આપણે વિશ્વાસ અને દ્રઢતા સાથે પ્રાર્થના કરીએ છીએ, ત્યારે સ્વર્ગ આપણા પોકારોને જવાબમાં ફેરવી નાખે છે. આમીન!

હાન્નાની વાર્તાનો વિચાર કરો, જે બાળકને જન્મ આપવાની અસમર્થતાથી ખૂબ જ દુ:ખી હતી. તેણીના દુ:ખમાં, તેણીએ જાહેર કર્યું હતું, **''હું દુ:ખી મનની સ્ત્રી છું.''** ૧ શમુએલ ૧:૧૫. પ્રાર્થનામાં



*હું દુ:ખી મનની સ્ત્રી છું - હાન્નાની પ્રાર્થના*

પોતાનું હૃદય ઠાલવ્યા પછી, તેણીનું મુખ બદલાઈ ગયું હતું. બાઈબલ આપણને કહે છે કે, **''ત્યાર પછી તેનું મુખ ઉદાસ રહ્યું નહિ.''** ૧ શમુએલ ૧:૧૮, કેમ કે તે માનતી હતી કે ઈશ્વર તેને જવાબ આપશે. તેમના સ્વભાવ પ્રમાણે, **''યહોવાએ તેને સંભારી.''** ૧ શમુએલ ૧:૧૯, અને તેણી પુત્રથી આશીર્વાદિત થઈ હતી.

બીજું સામર્થ્યવાન ઉદાહરણ હિઝિક્યા છે. જ્યારે ઈશ્વરે તેને તેના મૃત્યુની તૈયારી કરવા માટે સૂચના આપી, ત્યારે હિઝિક્યાએ કાલાવાલા સાથે પ્રાર્થના કરી હતી:

**''હે યહોવા, હું તારા કાલાવાલા કરું છું કે હું કેવી રીતે સત્યતાથી તથા સંપૂર્ણ હૃદયથી તારી સંમુખ ચાલ્યો છું, ને તારી દ્રષ્ટિમાં જે સારુ છે તે કર્યું છે, તેનું હમણાં તું સ્મરણ કર.''** ..૨ રાજાઓ ૨૦:૩. તેની હૃદયપૂર્વકની વિનંતીએ ઈશ્વરને પ્રેરિત કર્યા હતા, અને તેનું જીવન લંબાયું હતું.

બાઈબલ એ સાક્ષીઓથી ભરેલું છે કે કેવી રીતે કાલાવાલા સહિત કરેલી પ્રાર્થનાઓએ ઈશ્વરના હૃદયને સ્પર્શ કર્યા હતા અને દૈવી હસ્તક્ષેપને પ્રોત્સાહિત કર્યો હતો.

જ્યારે પણ લોકો પ્રાર્થના કરે છે, ત્યારે ઈશ્વર યાદ કરે છે. મને ખબર નથી કે તમારામાંથી કેટલાએ પાછલા વર્ષોમાં રડી રડીને, પોકાર સહિત, એમ કહ્યું છે કે, હે પ્રભુ, તમારી પ્રેમાળ કૃપામાં મને યાદ કરો. હે પ્રભુ, મારા પર દયા કરો. કૃપા કરીને, મારી તરફ જુઓ. મારી પરિસ્થિતિ પર ધ્યાન આપો.

મારી પાસે તમારા માટે સારા સમાચાર છે! આ જ સર્વોપરી યહોવા પ્રભુ જાહેર કરે છે :

**''મારું કોઈ પણ વચન હવે પછી મુલતવી રાખવામાં આવશે નહિ, પણ જે વચન હું બોલીશ તે ફળીભૂત થશે, એમ પ્રભુ યહોવા કહે છે.''** હઝકિયેલ ૧૨:૨૮.

તે મારી હૃદયપૂર્વકની પ્રાર્થના છે કે ૨૦૨૫માં, ઈશ્વર તમને યાદ કરો અને તમારા જીવન, તમારા કુટુંબ અને તમારા સેવાકાર્ય માટેની તેમની યોજનાઓ પરિપૂર્ણ કરો.

જેટલું આપણે ઈચ્છીએ છીએ કે ઈશ્વર આપણને યાદ કરે, તેટલું જ આ વર્ષની શરૂઆતમાં તેઓ આપણને અમુક બાબતો યાદ રાખવા માટે પણ તેડે છે. તેઓ આપણને કેટલાક મહત્વપૂર્ણ સિદ્ધાંતોની યાદ અપાવે છે જે આપણે પકડી રાખવા જોઈએ અને તેનું પાલન કરવું જોઈએ :

### ૧. યહોવા પ્રભુના કાર્યો અને ચમત્કારોને યાદ રાખો :

**''હું યહોવાનાં કૃત્યોનું સ્મરણ કરીશ; તારા પુરાતન કાળના ચમત્કાર હું સંભારીશ. વળી હું તારાં સર્વ કામોનું મનન કરીશ, અને તારાં કૃત્યો વિષે વિચાર કરીશ.''** ગીતશાસ્ત્ર ૭૭:૧૧-૧૨.

બાઈબલ આપણને આપણા જીવનોમાં ઈશ્વરે કરેલા ચમત્કારો અને આશીર્વાદો પર મનન કરવાનું શીખવે છે. તેનું આબેહૂબ ઉદાહરણ યહોશુઆના પુસ્તકના ચોથા



*યહોશુઆની આગેવાનીમાં ઈસ્રાએલપુત્રોએ યર્દન નદી પાર કરી હતી.*

અધ્યાયમાં જોવા મળે છે, જ્યાં યહોશુઆની આગેવાનીમાં ઈસ્રાએલપુત્રોએ યર્દન નદી પાર કરી હતી.

નદી પાર કરતી વખતે, ઈશ્વરે તેઓને તેમના સામર્થ્યવાન કૃત્યોને યાદ કરવા માટે કંઈક નોંધપાત્ર કરવા આજ્ઞા આપી હતી. તેમણે દરેક કુળને નદીના પટમાંથી એક પથ્થર લેવાની સૂચના આપી હતી. આ પત્થરો ઈશ્વરના વિશ્વાસુપણાના સ્મરણાર્થે ચિહ્નરૂપ હતા.

યહોવા પ્રભુએ કહ્યું:

**"જ્યારે આવતા કાળમાં તમારાં છોકરાં પૂછે કે, આ પથ્થરોનો શો અર્થ છે? ત્યારે તમે તેઓને એમ કહો કે, આનું કારણ એ છે કે યહોવાના કરારકોશની આગળ યર્દનના પાણીના ભાગ થઈ ગયા."** (યહોશુઆ ૪:૬-૭).

તમારી પાસે ૨૦૨૪ અથવા તેના પહેલાના વર્ષોના કયા કયા સ્મરણ-ચિહ્નો છે? જો ઈસ્રાએલપુત્રોએ યર્દન નદીને પાર કરવાના પડકારનો સામનો ન કર્યો હોત, તો તેમની પાસે તેમની પછીની પેઢીને જણાવવા માટે ચિહ્નરૂપ પથ્થરો ન હોત.

તેવી જ રીતે, ઈશ્વર કેટલીકવાર આપણને ગર્જના કરતી, ઝડપથી વહેતી યર્દન નદી જેવા જબરજસ્ત પડકારોનો સામનો કરવાની મંજૂરી આપે છે. આ પડકારોનો હેતુ માત્ર આપણો વિશ્વાસ વધારવા માટે જ નથી પણ ઈશ્વર શું કરી શકે છે તેની સાક્ષી તરીકે રજૂઆત કરવા માટે પણ છે - આપણા માટે અને આવનારી પેઢીઓ માટે.

## ૨) તારા સરજનહારનું સ્મરણ કર : - સભાશિક્ષક ૧૨:૧.

ઘણી વાર, આપણે આ કલમને ખાસ કરીને જુવાનોને સંબોધન કરતા તરીકે જોઈએ છીએ. ખરેખર, તે કહે છે, "તારી યુવાવસ્થાના દિવસોમાં તારા સરજનહારનું સ્મરણ કર.".. સભાશિક્ષક ૧૨:૧. જો કે, તે ફક્ત જુવાનીથી પણ આગળ વધે છે, જે આપણને આપણા સંપૂર્ણ જીવનો દરમિયાન આપણા સર્જકને યાદ રાખવા માટે તેડે છે.

ઘણી વાર, આપણે સર્જક કરતાં સર્જનને પ્રાથમિકતા આપીએ છીએ. જેમ બાઈબલ ચેતવણી આપે છે:

**"તેઓએ દેવના સત્યને બદલે અસત્ય સ્વીકાર્યું, અને ઉત્પન્નકર્તા જે સર્વકાળ સ્તુત્ય હો, આમીન, તેની ભક્તિ ન કરતાં ઉત્પન્ન કરેલાંની ભક્તિ તથા ઉપાસના કરી."** - રોમનોને પત્ર ૧:૨૫.

તે જાણ્યા વિના, આપણે ઘણીવાર ભૌતિક વસ્તુઓને બનાવનારને બદલે તે વસ્તુઓને વધારે પડતું મહત્વ આપીએ છીએ. શાસ્ત્ર આપણને યાદ અપાવે છે:

**"પણ તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે."** - માથ્થી ૬:૩૩.



*યાકૂબ તેના વહાલા પુત્ર સાથે*

આપણે સ્રોત ભૂલી જઈએ છીએ. ઈશ્વર આપણા વિશ્વાસના અગ્રેસર છે અને તેને સંપૂર્ણ કરનાર છે. તેમણે સર્વનું સર્જન કર્યું છે અને આપણા જીવનોના સંપૂર્ણ નિયંત્રણમાં રહે છે. આપણા જીવનોમાં દરેક ઘટના દૈવી હેતુ સાથે આવે છે. સર્જનહારમાં ભરોસો રાખો, કારણ કે તેઓ આપણા ભલા માટે બધી વસ્તુઓને સાથે રાખીને કાર્ય કરે છે.

ઉદાહરણ તરીકે યૂસફની વાર્તા લો. તે યાકૂબનો વહાલો પુત્ર હતો, વૃદ્ધાવસ્થામાં



*યૂસફને મુશ્કેલ માર્ગે ચાલવું પડ્યું હતું!*

તેના માટે જન્મ્યો હતો અને તેને ખૂબ જ વહાલ કરતો હતો - એટલો બધો કે તેના ભાઈઓને તેની ઈર્ષ્યા થતી હતી. યૂસફ એક સ્વપ્નદ્રષ્ટા હતો, તેને ઈશ્વર તરફથી વચનો અને ભવિષ્યવાણીઓ પ્રાપ્ત થયા હતા કે એક દિવસ તેનું કુટુંબ તેની આગળ નમશે. જો કે, ઈશ્વર જાણતા હતા કે યૂસફ જ્યાં હતો ત્યાં આ નિયતિ પ્રગટ થશે નહિ. તે માટે એક પ્રવાસ જરૂરી હતો.

યાકૂબ, તે જેટલો રક્ષણાત્મક હતો, તેણે ક્યારેય યૂસફને મિસર સુધી જવા દીધો ન હોત, જ્યાં ઈશ્વરની યોજનાની રાહ જોવાતી હતી. તેથી, યૂસફને મુશ્કેલ માર્ગે ચાલવું પડ્યું હતું: ખાડામાં, કેદખાનામાં અને અંતે, મહેલમાં. હુમલા અને કેદખાનામાંના ખોટા આરોપો સહિતની કસોટીઓ છતાં, ઈશ્વર દરેક પરિસ્થિતિ પર નિયંત્રણમાં રહ્યા હતા.

વહાલા મિત્રો,

કદાચ જીવન તમારી સાથે અન્યાયી, ઉપેક્ષા ભરેલું રહ્યું છે. યૂસફની જેમ કદાચ તમને દુઃખદાયક અનુભવો, અન્યાયી વ્યવહાર, અપમાન અથવા વિશ્વાસઘાતનો સામનો કરવો પડ્યો હશે. પરંતુ યાદ રાખો, તમારા સર્જનહાર નિયંત્રણમાં છે.

યૂસફે તેના છૂટકારાની આશામાં એક વખત મુખ્ય પાત્રવાહકને તેને સંભારવા કહ્યું હતું. તેમ છતાં તે ઈશ્વર હતા, માણસ નહિ, જેમણે તેને ઊંચે ઉઠાવ્યો હતો. ઈશ્વરે બંધ કરેલા દરવાજાઓ ખોલવાની અથવા ઈશ્વરે ખોલેલા દરવાજાઓ બંધ કરવાની શક્તિ કોઈ માણસ પાસે નથી. ઈશ્વરના

(આગળ પાન ૬ પર...)

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો



વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ જાન્યુઆરી ૨૦૨૫ થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**જાન્યુઆરી ૧૯:** અમારા સર્વ સહસંપાદકો તથા તેમના કુટુંબોને આશીર્વાદિત કરવા માટે.

**જાન્યુઆરી ૨૦:** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પર ઈશ્વરની કૃપા તથા તેમની દયા માટે.

**જાન્યુઆરી ૨૧:** અમારી પાછલા મહિનાની સર્વ નાણાકીય તથા આત્મિક જરૂરીયાતો પુરી પાડવા માટે.

**જાન્યુઆરી ૨૨:** અમારા મુખ્ય ચર્ચ તથા શાખા ચર્ચો પરના તેમના આશીર્વાદને માટે.

**જાન્યુઆરી ૨૩:** અમને નિયમિતપણે ઈશ્વરવિદ્યાના સેમિનારોને આયોજિત કરવામાં સમર્થ કરવા માટે.

**જાન્યુઆરી ૨૪:** અમને અમારા મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચોમાં નાતાલ અને નવા વર્ષની ઉજવણી કરવા માટે સક્ષમ કર્યા, અમને અર્થપૂર્ણ અને પ્રભાવશાળી રીતે ઉજવણી કરવામાં સમર્થ કર્યા તે માટે.

**જાન્યુઆરી ૨૫:** અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમ**ની તમામ પ્રવૃત્તિઓને આશીર્વાદિત કરવા માટે.

**જાન્યુઆરી ૨૬:** અમારી બહુવિધ મિનિસ્ટ્રીઓ દ્વારા સુવાર્તાનો પ્રચાર કરવા માટે અમારા વડીલ પાળકની પ્રતિબદ્ધતાને માટે.

**જાન્યુઆરી ૨૭:** અમારી યુટ્યુબ મીડિયા મિનિસ્ટ્રીના ૫ મિનિટના સંદેશાઓને વણખેડાયેલા લોકો સુધી પહોંચાડવામાં અમને આશીર્વાદિત કરવા માટે.

**જાન્યુઆરી ૨૮:** અમારા સામયિકને ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાવવા અને પ્રકાશિત કરીને બહારના મિશન વિસ્તારોમાં મોકલવામાં સહાય કરવામાં અમને આશીર્વાદિત કરવા માટે.

**જાન્યુઆરી ૨૯:** અમારા **ઈકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રીના** કર્મચારીઓ અને તેમના પરિવારોને સારી તંદુરસ્તી અને દૈવી સુરક્ષા સાથે આશીર્વાદિત કરવા માટે.

**જાન્યુઆરી ૩૦:** અમારા કોઓર્ડિનેટરોને, બહારી મિશનરીઓને તથા તેમના કુટુંબીજનોને આશીર્વાદિત કરવા માટે.

**જાન્યુઆરી ૩૧:** આપણા મુખ્ય ચર્ચમાંના તથા શાખા ચર્ચોમાંના અમારા પાળકો તથા વડીલ આગેવાનોને આશીર્વાદિત કરવા માટે.

**ફેબ્રુઆરી ૧ :** અમારી હોસ્પિટલ મિનિસ્ટ્રીમાં ઈશ્વરના ચમત્કારોને માટે

**ફેબ્રુઆરી ૨ :** અમારા મુખ્ય ચર્ચમાંની પુરુષોની સભાને આશીર્વાદિત કરવા માટે.

**ફેબ્રુઆરી ૩ :** **અમારા જુવાનો તથા બાળકોની કાળજી કરનાર વૈશ્વિક દર્શન મિનિસ્ટ્રીને** આશીર્વાદિત કરવા માટે

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**ફેબ્રુઆરી ૪ :** વિશ્વભરમાંના સર્વ દેશોમાંથી નવા ચેપી રોગોની નાબૂદી માટે.

**ફેબ્રુઆરી ૫ :** **ઈકો ઓફ હીઝ** કોલના જુવાનો તથા બહારી મિનિસ્ટ્રીને માટે.

**ફેબ્રુઆરી ૬ :** આ વર્ષમાં **ઈકો ઓફ હીઝ** કોલ **મિનિસ્ટ્રીની** નાણાકીય જરૂરિયાતો પૂરી થાય તે માટે.

**ફેબ્રુઆરી ૭ :** દુનિયાભરની સર્વ મહિલાઓ અને બાળકોની સલામતીને માટે.

**ફેબ્રુઆરી ૮ :** મિશનરીઓ તથા ઈશ્વરના સેવકોની વિરુદ્ધ થતી હિંસાચાર બંધ થાય તે માટે.

**ફેબ્રુઆરી ૯ :** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યોની તમામ પ્રકારની દુષ્ટ પરિબળોની સામે દૈવી સલામતીને માટે.

**ફેબ્રુઆરી ૧૦:** ઈસ્રાએલ, પેલેસ્ટાઈન, રશિયા અને યુક્રેનમાં શાંતિ સ્થપાય તે માટે.

**ફેબ્રુઆરી ૧૧:** જે વિદ્યાર્થીઓ તેમની સરકારી પરિક્ષાઓની તૈયારી કરી રહ્યા છે તેમને માટે.

**ફેબ્રુઆરી ૧૨:** **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ**ના વિદ્યાર્થીઓના રક્ષણ માટે.

**ફેબ્રુઆરી ૧૩:** આપણા કાર્યાલયના કર્મચારીઓ અને છાપખાનાના કર્મચારીઓની સારી તંદુરસ્તીને માટે.

**ફેબ્રુઆરી ૧૪:** આપણા સહસંપાદકો અને તેમના કુટુંબના સભ્યોને માટે.

**ફેબ્રુઆરી ૧૫:** પૃથ્વી પર ઈશ્વરના રાજ્યને બાંધવામાં અમારા દર્શનો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે.

**ફેબ્રુઆરી ૧૬:** જે લોકો માંદગી, ગરીબી તથા ભૂખમરાથી પીડાય છે તેમને માટે.

**ફેબ્રુઆરી ૧૭:** માદક દ્રવ્યોના દરેક વ્યસની અને ખોટા કામ કરનારાઓ પસ્તાવો કરે તે માટે.

**ફેબ્રુઆરી ૧૮:** દુનિયાભરમાં શાંતિ સ્થપાય તે માટે.

(પાન ૪ પરથી આગળ...)

સંપૂર્ણ સમય પર ભરોસો રાખો, કેમ કે તેમણે તેમના સમયે દરેક વસ્તુને સુંદર બનાવી છે. (સભાશિક્ષક ૩:૧૧).

દરેક પરિસ્થિતિમાં, તમારા સર્જકને યાદ કરો. તેઓ તમને ઉપર ઉઠાવનારા અને તેમની યોજનાઓને પરિપૂર્ણ કરનારા છે. તેમના પર સંપૂર્ણ ભરોસો રાખો.

તેઓ આપણા ભવિષ્યને ઘડનારા છે:

**"કેમ કે જે ઈરાદા હું તમારા વિષે રાખું છું તેઓને હું જાણું છું, એવું યહોવા કહે છે. એ ઈરાદા ભવિષ્યમાં તમને આશા આપવા માટે વિપત્તિ લગતા નહિ પણ શાંતિને લગતા છે."** - યર્મિયા ૨૯:૧૧

યૂસફને જ્યારે તેના ભાઈઓ દ્વારા તજી દેવામાં આવ્યો હતો અને ખાડામાં નાખી દેવામાં આવ્યો હતો, ત્યારે તેણે નિરાશા અનુભવી હોવી જોઈએ. તેણે કદાચ વિચાર્યું હશે, "મારા માટે કોઈ ભવિષ્ય નથી." તે જેલખાનામાં હતો ત્યારે તેની નિરાશાની કલ્પના કરો, દેશના એક અગ્રણી વ્યક્તિની પત્ની પર હુમલો કરવાનો પ્રયાસ કરવાનો ખોટો આરોપ. બચાવની શક્યતા અશક્ય લાગતી હતી. પોટીફાર જેવા શક્તિશાળી વ્યક્તિ સામે કોઈ કેવી રીતે ઊભો રહી શકે?

તેમ છતાં, યૂસફના પરિક્ષણોની વચ્ચે, ઈશ્વર કામ કરી રહ્યા હતા. અણધાર્યા સંજોગોમાં, ઈશ્વરે યૂસફને જેલખાનામાંથી બહાર કાઢવા અને તેનું માથું ઊંચું કરવા માટે ફારુનનો ઉપયોગ કર્યો હતો. પરંતુ આ પરિવર્તન રાતોરાત થયું નહોતું. આ બધા દ્વારા, યૂસફ ઈશ્વરમાં સંપૂર્ણ ભરોસો રાખવાનું શીખ્યો હતો.


ઈશ્વર આજે પણ એ જ છે. આ વર્ષે, તેઓ તમને ઉપર લાવવા અને તમારી આશા પુનઃસ્થાપિત કરવા માટે તમારા જીવનમાં યોગ્ય લોકોને લાવી શકે છે. યાદ રાખો, તેઓ તમારા માથાનું ગૌરવ તથા તમને ઊંચા ઉઠાવનાર છે. તમારી પરિસ્થિતિ ગમે તેટલી વિકટ લાગે અથવા આગળનો રસ્તો કેટલો અસંભવ લાગે, તો પણ તમારા સર્જક પર ભરોસો રાખો. તેઓ તમે વિનંતી કરો અથવા કલ્પના કરી શકો તેના કરતાં ઘણું બધું વધારે કરી શકે છે.

## ૩. તમારા પ્રદાતાને, તમને પૂરું પાડનારને યાદ રાખો :

તમે કદાચ તમારી જાતને કહો કે, **"રખેને તું મનમાં એમ ધારે કે મારી પોતાની શક્તિથી ને મારા હાથના સામર્થ્યથી મેં આ સર્વ સંપત્તિ મેળવી છે. પણ તું યહોવા તારા દેવનું સ્મરણ રાખ, કેમ કે સંપત્તિ મેળવવા સારુ તને શક્તિ આપનાર તે જ છે."** - પુનર્નિયમ ૮:૧૭-૧૮

પુનર્નિયમ ૮ બાઈબલમાંના મારા મનપસંદ ફકરાઓમાંથી એક છે. તે એક ગહન યાદપત્ર તરીકે રજૂઆત કરે છે કે આપણી પાસે જે બધું છે - સામર્થ્ય, શક્તિ, જ્ઞાન અને સફળતા - તે ઈશ્વર તરફથી આવે છે. તે આપણને અભિમાન કરવા સામે ચેતવણી આપે છે, આપણને ચેતવણી આપે છે કે આપણે આપણી ક્ષમતાઓ વિશે બડાઈ ન કરવી અથવા જેઓ આપણને પૂરું પાડે છે, તેમને આપણે ભૂલી ન જઈએ.

કલમ આપણા આંતરિક વિચારોને પણ સંબોધિત કરે છે, કહે છે, "તમે તમારા મનમાં કહી શકો છો કે, ઈશ્વર સમજે છે કે કેટલીકવાર આપણા ઈરાદાઓ અને કાર્યો સંરેખિત થતા નથી. તેથી જ આ ચેતવણી આપણા હૃદયોના વિચારોને સમાવવા માટે માત્ર શબ્દોથી કંઈક આગળ જાય છે.



*પાંચ રોટલી અને બે માછલી - પૂરતો ખોરાક*

જ્યારે તમે આ વર્ષમાં પ્રવેશ કરો છો, ત્યારે તમારી પ્રાર્થના રહેવા દો કે ઈશ્વર દરેક સંજોગોમાં તમારા પ્રદાતા રહે. યાદ રાખો કે, એ જ ઈશ્વર જેમણે ૫,૦૦૦ લોકોને માછલી દ્વારા ખોરાક પૂરો પાડ્યો હતો. તેઓ તમારી જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતા છે.

કદાચ તમે આ વર્ષની શરૂઆત નોંધપાત્ર પડકારો સાથે કરી રહ્યાં છો - તમારા ઘરનું સંચાલન કેવી રીતે કરવું અથવા તમારા પરિવારને કેવી રીતે પૂરું પાડવું તે અંગેની અનિશ્ચિતતા સાથે. આવો ઈશ્વરની પુનઃખાતરીને તમારા હૃદયમાં પડઘા પડવા દો : હું તમારો પ્રદાતા છું. ગભરાશો નહિ કે નિરાશ થશો નહિ. જો હું દુકાળ દરમિયાન વિધવા અને તેના પુત્રને થોડો લોટ અને તેલ આપીને ટકાવી શક્યો હતો, તો હું તમારી જરૂરિયાતો પણ પૂરું કરી શકીશ.

## ૪. તમારા સાબ્બાથને યાદ રાખો :

સાબ્બાથનો દિવસ ઘણીવાર વિવાદાસ્પદ વિષય છે. જ્યારે હું સ્વીકારું છું કે શનિવાર સાતમો દિવસ છે, ત્યારે નવા કરારના ખ્રિસ્તીઓ પરંપરાગત રીતે રવિવારને - પ્રભુના પુનરુત્થાનના દિવસને - આપણા પવિત્ર દિવસ તરીકે ઉજવે છે. ઘણા મધ્ય પૂર્વીય દેશોમાં, જોકે, પવિત્ર

(આગળ પાન ૮ પર...)


ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE REACHING NATIONS

**નહેમ્યા બાઈબલ કોલેજો**

લાયકાત: ૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ

ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ

પ્રવેશ માટે ઝડપ કરશો!

**ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા**

માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (નિવાસી) (સ્પોન્સરશિપ ઉપલબ્ધ છે)

માન્યતા પ્રાપ્ત: છેલ્લા ૫૫ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા

સંપર્ક કરો : ચેરમેન - નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાર્યાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

**"...જેઓ યહોવાને શોધે છે તેઓને કોઈપણ સારા વાનાની અછત હોશે નહિ."** - ગીતશાસ્ત્ર ૩૪:૧૦.

જ્યારથી અમે ૧૯૬૯થી, **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ**ની શરૂઆત કરી હતી, ત્યારથી અમને અમારી બહુવિધ પ્રવૃત્તિઓ માટે નાણાંની જરૂર રહેતી હતી. અમને અમારા કર્મચારીઓના વેતન માટે, છાપખાનાના કાગળો માટે, ટપાલ ટિકિટો માટે, ટેલિફોનના ખર્ચાઓ માટે, વીજળીના ખર્ચાઓ માટે, મકાનના ભાડા માટે, ગાડીભાડા માટે, ધર્માદા માટે, વગેરે માટે નાણાંની જરૂર રહેતી હતી.

વ્યક્તિગત રીતે કહીએ તો, મારા પ્રભુ ઈસુ ખ્રિસ્ત મને પૂરું પાડનારા છે. મેં આજ સુધી નાણાંની અપેક્ષા માટે કોઈના પણ દરવાજા કે કાર્યાલયના દરવાજા ઠોક્યા નથી. મને મારી મંડળીના સભ્યો કે મિત્રોને આર્થિક સહાય માટે પૂછવાની પણ આદત નથી. પણ અત્યાર સુધી, જે યહોવા પ્રભુએ મને તેડ્યો છે, તેઓ તેમની રીતે, તેમના સમયમાં ચમત્કારિક રીતે મારી સર્વ જરૂરીયાતો પૂરી પાડી રહ્યા છે.

જરૂરીયાતોના તથા મૂશ્કેલીઓના સમયોમાં, મેં આવી પરિસ્થિતિઓ તરફ જોવાની આદત બનાવી દીધી હતી, જેવી કે, "મારે સહન કરવાનો સમય", એવો સમય કે જ્યારે ઈશ્વર મને પ્રાર્થના કરવા ફરજ પાડે છે અને "એવો સમય જ્યાં પ્રાર્થનામાં મારો ઈશ્વર સાથે વધુ સારો સંબંધ બંધાય છે." આ અનુભવ પછી મેં મોટા ચમત્કારોનો આનંદ માણ્યો હતો. આવી પરિસ્થિતિઓમાં ઈશ્વરે મને સહાય કરવા વિવિધ લોકોને ઊભા કર્યા હતા, જેઓને હું જાણતો પણ ન હતો. ઘણી બધી વખત ઈશ્વરે મને અને મારા કુટુંબને મારા માટે અજાણ્યા હોય એવા લોકો મારફત પૂરું પાડ્યું છે!

૧૯૭૫માં, મારે બાપુજી પ્રેસને ભારતીય રૂપિયા ૩૦૦/- ચૂકવવાના હતાં, જ્યાં અમારું સામયિક **ઈકો ઓફ હીજ કોલ** છપાતું હતું. કેમ કે મારા હાથમાં નાણાં ન હોવાથી તે ચુકવણીમાં વિલંબ થતો હતો. એક ગુરુવારને દિવસે, મેં તે પ્રેસના મેનેજરને કહ્યું કે હું આવતા સોમવારે નાણાં ચૂકવીશ. પણ મારી પાસે તે નાણાં મેળવવાનો કોઈ સ્રોત ન હતો. મેં ઈશ્વરને મારી જરૂરિયાત માટે પ્રાર્થના કરી અને શાંત રહ્યો. આગળના રવિવાર સુધી મને જોઈતા નાણાં મળી શક્યા નહિ.

સોમવારે સવારે, જ્યારે ટપાલ કાર્યાલયમાં મેં મારું મેઈલ બોક્સ ખોલ્યું, ત્યારે મેં તેમાં એક પરબિડીયું જોયું કે જે દક્ષિણ ભારતના મદુરાઈ અને તૂતિકોરીન વચ્ચે આવેલ એક નાના ગામ નાગાલાપુરમમાંથી આવ્યું હતું. તે આવેલ પરબિડીયાની અંદર ૩૦૦/- નો એક બેંક ડિમાન્ડ ડ્રાફ્ટ હતો (જે ક્રોસ કર્યો ન હતો). તે નાણાં મારી તે દિવસની મારી જરૂરિયાત પૂરી કરવા માટે પૂરતા હતા. મારા વચન પ્રમાણે છાપખાનાને જે નાણાં ચૂકવવાના હતા, તે આપવા માટે ઈશ્વરે મને સક્ષમ કર્યો હતો. સર્વ માન મહિમા ઈશ્વરને હો!

ઘણા વર્ષો પછી, હું નાગાલાપુરમ ગામમાંના તે વ્યક્તિને મળવા ગયો હતો. મારા આશ્ચર્ય વચ્ચે, મેં જાણ્યું કે તે એક ગરીબ મજૂર હતો જે જૂતા બનાવનાર મોચી હતો.

તે મને જોઈને ઘણો આનંદિત થયો હતો. તેણે કહ્યું, "સાહેબ, તે ચોક્કસ ગુરુવારે, કોઈક મારા હૃદય સાથે વાત કરી રહ્યું છે એવું મેં અનુભવ્યું, જે મને ૩૦૦/- રૂપિયા **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ**ને મોકલવા માટે દબાણ કરી રહ્યું હતુ, જે તે સમયે મારી પાસે તેટલા જ હતાં. તેથી મેં તે નાણાં શુક્રવારે તમને મોકલ્યા અને તમને તે સોમવારે મળી ગયા હતા."



આમ પ્રભુ ઈસુ ખ્રિસ્તે મારા જીવનમાં ચમત્કારો કર્યા હતા.

હા, તે ખરેખર મુશ્કેલ માર્ગ છે. તેમ છતાં, હું દરેક દિવસે ઈશ્વરના મહિમાની મહાનતાને જોવાનો સાક્ષી રહ્યો છું. **"યહોવા પ્રભુ મારા ઘેટાંપાળક છે, તેથી, મને કશી ખોટ પડશે નહિ."**

**"જે કોઈ જ્ઞાની હશે તે આ વાતો ધ્યાનમાં લેશે."** ગીતશાસ્ત્ર ૧૦૭:૪૩.

************

(પાન ૬ પરથી આગળ...)

દિવસ શુક્રવારે મનાવવામાં આવે છે. જો તમે તે પ્રદેશોમાં રહો છો, તો શુક્રવારે દેવળમાં જવું તથા હાજરી આપવી એ ધોરણ બની જાય છે.

મારો મુદ્દો સરળ છેઃ ભલે તમે શુક્રવાર, શનિવાર અથવા રવિવાર ઉજવો છો, પણ



*નવા કરારના ખ્રિસ્તીઓ પરંપરાગત રીતે રવિવારને સાબ્બાથ તરીકે ઉજવે છે!*

તમે તેને પવિત્ર રાખવાનું યાદ રાખો. જેમ શાસ્ત્ર કહે છે, **"એ માટે યહોવાએ સાબ્બાથ દિનને આશીર્વાદ દઈને તેને પવિત્ર ઠરાવ્યો."** નિર્ગમન ૨૦:૧૧. આ આજ્ઞા તે દિવસે ઈશ્વરને પ્રાધાન્ય આપવા વિશે છે. તેમની સાથે વધુ સમય વિતાવો, તે દિવસની આરાધનાને પ્રતિબિંબ કરવા માટે સમર્પિત કરો.

કેટલાક દેવળમાં જવાને બદલે ઉંઘવા માટે અથવા આરામ કરવા માટેના બહાના તરીકે "સાબ્બાથને દિવસે આરામ કરવો." એમ તે દિવસનું અર્થઘટન કરે છે. પણ, વહાલા મિત્રો, હું તમને નમ્રતા સાથે વિનંતી કરું છું : **"જે કૈસરનાં છે તે કૈસરને, તથા જે દેવનાં છે તે દેવને ભરી આપો."** માથ્થી ૨૨:૨૧. અઠવાડિયાનો એક દિવસ ઈશ્વરનો છે – તેને તેમની પાસેથી ઝૂંટવી ન લો.

કમનસીબે, આપણામાંના ઘણાઓએ આપણી પ્રાથમિકતાઓ બદલી નાખી છે, ઉલટાવી નાખી છે. આપણે ઈશ્વરને આપણો બચેલો સમય આપીએ છીએ, જે આપણા કામ કે અંગત ફરજો, જવાબદારીઓ પછી જ તેમની પાસે આવે છે. આપણે આને આ રીતે કારણો આપીને ન્યાયી ઠેરાવીએ છીએ :

"મારે કામ કરવું પડે છે; નહિંતર, મારા ખર્ચાઓના બીલો કોણ ચૂકવશે?"

"મારી પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે મારે રવિવારે વર્ગોમાં હાજરી આપવાની જરૂર છે."

"મારે રમવા માટે હરિફાઈમાં ભાગ લેવા જવાનું છે; ઈશ્વરે મને વ્યવસાયિક રીતે રમત રમવાની તાકાત આપી છે."

જ્યારે આ કારણો આપણને યોગ્ય લાગે છે, ત્યારે આપણે આપણી જાતને પૂછવું જોઈએઃ આ પસંદગીઓમાં આપણે કોનો મહિમા કરી રહ્યા છીએ ? બાઈબલ કહે છે કે, **"જે કંઈ કરો તે સર્વ દેવના મહિમાને અર્થે કરો."** ૧ કરિંથીઓને પત્ર ૧૦:૩૧. શું આપણે ખરેખર તેમનો મહિમા કરી રહ્યા છીએ? આ એક જટિલ પ્રશ્ન છે.

## ૫. યાદ રાખો કે તમે ક્યાં પાછા પડ્યા છો!

બાઈબલ આપણને ગંભીર ચેતવણી આપે છે :

**"એ માટે તું જ્યાંથી પડ્યો છે તે યાદ કરીને પસ્તાવો કર, અને પ્રથમના જેવાં કામ કરઃ નહિ તો હું તારી પાસે આવીશ, અને જો તું પસ્તાવો નહિ કરે તો તારી દીવીને તેની જગાએથી હું ખસેડી દઈશ."** (પ્રકટીકરણ ૨:૫).

આ વર્ષની શરૂઆતમાં, આવો આપણે



**Repent and turn back to Me!**

આપણા જીવનોનું મૂલ્યાંકન કરવા માટે થોડો સમય થોભીએ. આપણે ક્યાં ઓછા પડ્યા છીએ? આપણે શું કરવાનું શરૂ કરવું જોઈએ, શું કરવાનું બંધ કરવું જોઈએ અથવા અલગ રીતે શું કરવાની જરૂર છે? ઈશ્વર મૃદુતાપૂર્વક આપણને તેમની પાસે પાછા બોલાવે છે, ખાસ કરીને હમણાં.

તેમની પાસે આવો. તેઓ પ્રેમથી તથા આશાથી ભરપૂર ખુલ્લા હાથે રાહ જોઈ રહ્યા છે. જ્યારે આપણે તેમના પ્રેમ, દયા અથવા કૃપા માટે આપણી જાતને અયોગ્ય અનુભવીએ છીએ, ત્યારે પણ આ યાદ રાખોઃ ઈસુ વધસ્તંભ પર મૃત્યુ પામ્યા હતા તે જાણીને કે આપણને તેમની કૃપાની જરૂર છે. તેમના વિના આપણે કશું જ કરી શકતા નથી.

તેઓ આપણા પાપોને માફ કરવા, આપણા ભંગિત તૂટેલા ભાગોને લઈ લેવા અને કંઈક નવું બનાવવા માટે તૈયાર છે. વાસ્તવિક પ્રશ્ન એ છે કેઃ શું આપણે આપણા ભંગિતપણાને તેમને સમર્પિત કરવા અને તેમને તેને કંઈક સુંદર બનાવવા માટે તૈયાર છીએ ?

આવો આ વર્ષ તમારા માટે પ્રભુમાં ઉત્પાદક અને ફળદાયી વર્ષ રહો. આવો તમે તેમના પ્રેમથી ઘણા લોકોના જીવનોને સ્પર્શી શકો અને તમારી આસપાસની દુનિયામાં બદલાણ લાવીને ઈસુ ખ્રિસ્તના પ્રકાશને ચમકાવતા રહો.

************


## તાકીદની જરૂરિયાત

**ઈકો ઓફ હીજ કોલ ઝડપી ગતિએ વિસ્તરી રહ્યું છે. અમને નીચેની જગ્યાઓ માટે મિશનના સેવાકાર્યના મનો સાથે, સમર્પિત અને વિશ્વાસુ પુરૂષો અને મહિલા ઉમેદવારોની જરૂર છેઃ**

- ➪ અમારા મુખ્ય ચર્ચ માટે પૂર્ણ સમયના સહાયક પાળકો
- ➪ ચેન્નાઈમાંના અમારા શાખા ચર્ચો માટે પૂર્ણ સમયના સહાયક પાળકો
- ➪ પૂર્ણ સમય માટે સુરક્ષા કર્મચારીઓ
- ➪ ડીટીપી ઓપરેટર્સ અને ટાઈપિસ્ટ
- ➪ અંગ્રેજી અને અન્ય ભાષાઓ બોલવામાં અને લખવામાં નિપુણતા ધરાવનાર
- ➪ વહીવટમાં રસ ધરાવતા કાર્યાલયીન સંચાલકો, ઓફિસ મેનેજરો
- ➪ પૂર્ણ સમય માટે બાઈબલ કોલેજ વ્યાખ્યાતાઓ
- ➪ સ્વયંસેવકો કે જેઓ અમારા સેવાકાર્યને પ્રોત્સાહન આપી શકે છે
- ➪ પૂર્ણ સમય માટે વાહન ચાલકો
- ➪ મેટ્રિક્યુલેશન શાળા માટે આચાર્ય અને શિક્ષકો
- ➪ પૂર્ણ સમય માટે રસોઈયો (સ્ત્રી)
- ➪ સંપૂર્ણ સમય માટે હાઉસકીપિંગ કર્મચારીઓ

**લાયકાત અને અનુભવના આધારે પગાર**

**ઈકો ઓફ હીજ કોલ ઓફીસ અરજી કરશો**
**વોટ્સએપ નંબર : 98412 71858**
**ઈમેલ : sam@echoofhiscall.org**

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– **સંપાદક**

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

| | | |
|---|---|---|
| Branch | : | **Triplicane, Chennai-5** |
| Name | : | **S. Sam Selva Raj** |
| A/C No. | : | **1023 2934 679** |
| IFSC | : | **SBIN 00 00 249** |
| SWIFT CODE | : | **SBI NIN BB 455** |

### *2. Bank : ICICI Bank*

| | | |
|---|---|---|
| Branch | : | **Anna Salai, Chennai-6** |
| Name | : | **Echo of His Call** |
| A/C No. | : | **6038 0502 2319** |
| IFSC | : | **ICIC 000 6038** |

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

| | | |
|---|---|---|
| Branch | : | **Triplicane, Chennai-5** |
| Name | : | **Echo of His Call Educational Trust** |
| A/C No. | : | **1023 2923 805** |
| IFSC | : | **SBIN 00 00 249** |

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-** **આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

**RNI NO. 70103/98**
**Postal Regn. No. TN/CH/(C)/203/24-26**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th JANUARY 2025**
**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

## *JESUS LOVES YOU!*

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**